# પ્રવેશ અંગેની શરતો

૧. પ્રવેશ માટે જે વ્યક્તિ લાયસન્સ ધારક હતા તેમના મૃત્યુ પામનારના સીધીલિટી ના વારસદાર જ પ્રવેશ માટે માન્ય ગણાશે.

૨. **કોર્ષ શરૂ થયાના તારીખ પહેલાના લાયસન્સ ધારકના મૃત્યુના એક વર્ષની અંદરના જ વારસદાર આ કોર્ષ કરી શકશે.**

૩. જેમનું લાઈસન્સ રદ થયેલ હશે તેમને અરજી કરવી નહિ.

૪. **જંતુનાશક દવાના તા. ૦૧/૦૨/૨૦૧૭ પહેલાના લાયસન્સ ધારકોના સીધીલીટીના વારસદારને જ પ્રવેશ આપવામાં આવશે.**

૪. નિયમોનુસાર પસંદ થયેલ ઉમેદવારે રૂબરૂ મુલાકાત સમયે પાસ કરેલ પરીક્ષાનું ગુણપત્રક, ડીલર્સનું લાયસન્સ, આધાર કાર્ડ, મરણ સર્ટીફિકેટ વગેરે અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. તેમજ પસંદગી પામેલ ઉમેદવારે કોર્ષમાં હાજર થાય તે જ દિવસે કોઈ પણ રાષ્ટ્રીયકૃત બેંકનો રૂ. ૭,૬૦૦/-નો ડીમાંડ ડ્રાફ્ટ (ડી.ડી.) **Training Associate (Agro), DEE, JAU. Junagadh** (પે એબલ જુનાગઢ) ના નામનો કઢાવવાનો રહેશે. તેમજ પોતાના ખર્ચે આવવાનું રહેશે.

૫. પસંદગી પામેલ ઉમેદવારે દિવસ-૦૭માં હાજર ન થાય તો ભરેલ ફી કોઇ પણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહી.

૬. જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢનાં કાર્યક્ષેત્રમાં આવતાં જૂનાગઢ, ગીર સોમનાથ, જામનગર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, મોરબી, પોરબંદર, અમરેલી, સુરેન્દ્રનગર અને ભાવનગર જીલ્લાઓના જ ઉમેદવાર જ અરજી કરી શકશે.

૭. ઉપર મુજબના જીલ્લામાં જ જંતુનાશકનું લાયસન્સ ધરાવતા હોવા જોઈએ.

૮. આ કોર્ષ જંતુનાશક ડીલર્સનો સર્ટીફિકેટ કોર્ષ ઓન પેસ્ટીસાઇડ મેનેજમેન્ટ ૧૨-અઠવાડિયા (અઠવાડિયામાં એક દિવસ) નો રહેશે.

૯. આ કોર્ષના અભ્યાસક્રમ માટે રજાના દિવસો સિવાયના દિવસોમાં અઠવાડિયાના કોઇપણ એક દિવસ જે નક્કી કરવામાં આવશે તે દિવસે આવવાનું રહેશે.

૧૦. અભ્યાસક્રમનો સમય સવારના ૦૯.૦૦ કલાક થી સાંજના ૧૮.૦૦ કલાક સુધીનો રહેશે.

૧૧. પરીક્ષામાં બેસવા માટે ઓછામાં ઓછી ૮૦% હાજરી ફરજીયાત રહેશે.

૧૨. **પ્રવેશ અંગેનું ફોર્મ તા. ૧૦/૦૩/૨૦૨૫ થી તા. ૩૧/૦૩/૨૦૨૫ સુધીમાં યુનિવર્સીટીની વેબસાઈટ www.Jau.in પરથી ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ કાઢીને તા. ૧૧/૦૪/૨૦૨૫ નાં રોજ કિસાન વિકાસ ભવન, સરદાર સ્મૃતિ કેન્દ્ર, જૂ.કૃ.યુ., જૂનાગઢ ખાતે ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે આવવાનું રહેશે. મોડી આવેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહી.**

૧૩. NIPHMની મંજૂરી જે ડીલરના વારસદારની મળશે તે જ ડીલરના વારસદાર આ કોર્ષમાં પ્રવેશ મેળવી શકાશે.

૧૪. ઉપરોક્ત કોર્ષની માન્યતા અંગે જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢની કોઈ બાહેધરી રહેશે નહિ.

૧૫. નિયમમાં કોઈ પણ ફેરફાર કરવાનો અબાધિત અધિકાર વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢનો રહેશે

૧૬. તાલીમાર્થી સિવાય તેમના બદલે જો કોઈ હાજર જણાશે તો તેનો પ્રવેશ રદ ગણાશે

૧૭. NIPHMની ગાઈડલાઇન મુજબ પ્રવેશ માટે કોઈ રીઝર્વેશનની જોગવાઈ નથી.

વિસ્તરણ શિક્ષણ નિયામક
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ